Seat No. ________________

**HF-1601010101062202**

**B. A. (Sem. VI) (CBCS) (W.E.F. 2016) Examination**

**April - 2023**

## Gujarati

*(ગુજરાતી વ્યાકરણ, સાહિત્ય સર્જન - લેખન કૌશલ-6)*

***(Old Course)***

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) કુલ પાંચ પ્રશ્નો છે.

**1** નીચેના કાવ્યનો આસ્વાદ કરો. **14**

**રસ્તા વસંતના**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં!
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોનાં લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના!
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના!
મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના!
ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજતો છાંટા વસંતના!
ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના!

- મનોજ ખંડેરિયા

**અથવા**

1 નીચેના કાવ્યનો આસ્વાદ કરો. 14

**દુનિયા અમારી**

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ!
પણ કલરવની દુનિયા અમારી!
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી!
કલબલતો થાય જ્યાં પહેલો તે પ્હોર
બંધ પોપચાંમાં રંગોની ભાત,
લોચનની સરહદથી છટકીને રણઝણતું
રૂપ લઈ રસળે શી રાત!
લહેકાએ લહેકાએ મહોરતા અવાજના
વૈભવની દુનિયા અમારી!
ફૂલોના રંગો રિસાઈ ગયા, જાળવતી
નાતો આ સામટી સુગંધ,
સમા સમાના દઈ સંદેશા લહેરખી
અડક્યાનો સાચવે સંબંધ!
ટેરવાંને તાજી કેં ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી!

- ભાનુપ્રસાદ પંડ્યા

2 મધ્યકાલીન સાહિત્યનાં સંશોધન-સંપાદનમાં ઊભી થતી મુશ્કેલીઓ જણાવો. 14

**અથવા**

2 મધ્યકાલીન સાહિત્યના સંશોધક-સંપાદકની સજ્જતા વિશે વિસ્તૃત ચર્ચા કરો. 14

3 સંધિ એટલે શું? જણાવી વિસર્ગસંધિની સદૃષ્ટાંત ચર્ચા કરો. 14

**અથવા**

3 જોડણી એટલે શું? જણાવી જોડણી ભેદથી થતાં અર્થભેદને સદૃષ્ટાંત સમજાવો. 14

4 સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ વિશે સમજૂતી આપી, તેમાં ધ્યાનમાં લેવાની બાબતો જણાવો. **14**

**અથવા**

4 તમારી કૉલેજમાં યોજાયેલ 'વાર્ષિક દિનની ઊજવણી'નું પ્રસંગાલેખન કરો. **14**

5 નીચેનાં ચાર પૈકી કોઈ પણ બે પ્રશ્નોના જવાબ આપો : **14**

(1) સ્વરસંધિ સમજાવી પાંચ દૃષ્ટાંત આપો.

(2) સર્જનાત્મક ગદ્યલેખનમાં ધ્યાને રાખવાની બાબતો જણાવો.

(3) વ્યંજનસંધિ સમજાવી પાંચ દૃષ્ટાંત આપો.

(4) પ્રસંગાલેખનમાં ધ્યાને રાખવા જેવી બાબતો જણાવો.

---